1. ભારતના બંધારણનો આરંભ ક્યારે થયો ?

- ભારતના બંધારણનો આરંભ 26 જાન્યુઆરી, 1950ના દિવસે થયો.

2. બંધારણના ઘડતરમાં કોણે-કોણે ફાળો આપ્યો છે?

- ભારતીય બંધારણના ઘડતરમાં ડો. રાજેન્દ્ર પ્રસાદ, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. આંબેડકર, શ્રીકૃષ્ણસ્વામી ઐયર, એન.ગોપાલસ્વામી આયંગર, કનૈયાલાલ મુનશી, ટી.ટી. કૃષ્ણ સ્વામી વગેરેએ અમુલ્ય ફાળો આપ્યો છે.

3. બંધારણસભાએ ક્યારે કોને અધ્યક્ષપદે નિમણૂક કરી હતી ?

- બંધારણ સભાએ ડો. રાજેન્દ્ર પ્રસાદની અધ્યક્ષ પદે નિમણૂક કરી હતી.

4. બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારે થયો?

- બંધારણ ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ 19 મી ડિસેમ્બર, 1946નાં રોજ થયો હતો.

5. બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતાં?

- બંધારણ સભામાં કુલ 389 સભ્યો હતા, જેમાં બ્રિટિશ પ્રાંતોના 292, બ્રિટિશ હાઈકમિશનર પ્રાંતોમાં 04 અને દેશી રાજ્યોના 13 પ્રતિનિધિઓ હતા.

6. ભારતીય બંધારણની કઈ ખાસીયત છે?

- ભારતીષ બંધારણની ખાસીયત છે કે, તે ભારતીય બંધારણ કુલ 395 કલમો અને 8 પરિશિષ્ટોવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબું બંધારણ છે

7. બંધારણની કલમ 326 કઈ બાબતોનો અધિકાર આપે છે? .

- બંધારણની કલમ 326 દેશના 18 વર્ષથી ઉપરની ઉંમરના નાગરિકને મતાધિકાર માપે છે.

8. રાષ્ટ્રપતિ શાસન સમયે રાજ્યનો વહીવટ કોન સંભાળે છે?

- રાષ્ટ્રપતિ શાસન દરમ્યાન રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજયપાલ રાજ્યનો વહીવટ કરે છે.

9. વિશ્વના ક્યા લોકશાહી દેશોમાં લેખિત બંધારણ નથી?

- બ્રિટન અને ઈઝરાયલમાં લેખિત બંધારણ નથી.

10. બંધારણની શરૂઆત શેનાથી થાય છે ?

- ભારતીય બંધારણની શરૂઆત આમુખથી થાય છે.

11. બંધારણ એટલે શું?

- બંધારણ એટલે મૂળભૂત સિદ્ધાંતો કે જે રાજય વ્યવસ્થાતંત્રો અને સરકારના વિવિધ અંગો વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ કાર્યો અને સત્તાનો ઉપયોગ કરવા અંગેના નિયમોનો સમૂહ છે.

12. ભારતીય બંધારણનો જન્મદીવસ કયો છે?

- 26મી નવેમ્બર, 1949 એ ભારતીય બંધારણનો જન્મદિવસ છે.

13. ઈન્ડિયા એક્ટમાં બંધારણીય વડાનો દરજ્જો કોને આપ્યો હતો?

- ઈન્ડિયા એક્ટમાં ગવર્નર જનરલને બંધારણીય વડાનો દરજ્જો આપ્યો હતો.

14. 'હિંદ છોડો'ની ચળવળ ક્યારે શરૂ થઈ?

- 1942 માં 'હિંદ છોડોની' ચળવળ શરૂ થઈ.

15. બીજા વિશ્વયુદ્ધના અંતે બ્રિટનમાં શું પરિવર્તન આપ્યું?

- બીજા વિશ્વયુદ્ધના અંતે બ્રિટનમાં રાજકીય પરિવર્તન આવ્યું. બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલની હાર થઈ અને મજૂરપક્ષના એટલે બ્રિટનના વડાપ્રધાન બન્યા.

16. બંધારણ સભાની રચના કઈ પદ્ધતિએ થઈ હતી?

- બંધારણ સભાની રચના પરોક્ષ પદ્ધતિથી થઈ હતી.

17. બંધારણ સમિતિઓમાં સૌથી વધુ પ્રભાવ કોનો જોવા મળે છે?

- બંધારણ સમિતિઓમાં પંડિત જવાહરલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ નો વધુ પ્રભાવ જોવા મળે છે.

18. બંધારણ ઘડતરની સમગ્ર પ્રક્રિયા દરમિયાન કુલ કેટલા દિવસનો સમય ગયો હતો ?

- બંધારણ ઘડતરની સમગ્ર પ્રક્રિયા માટે 2 વર્ષ, 11 માસ અને 18 દિવસનો સમય ગયો હતો.

19. વિશ્વના કયા દેશોના બંધારણ લિખિત નથી ?

- બ્રિટન અને અમુક અંશે ઈઝરાયલનું બંધારણ અલિખિત છે.

20. ભારતના મૂળ બંધારણની ખાસીયતો જણાવો?

- ભારતનું બંધારણ દુનિયામાં સૌથી લાંબુ અને સૌથી વધુ વિગતવાર છે ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું બંધારણ છે.

21. વિશ્વના કયા દેશોના બંધારણ લિખિત નથી ?

- બ્રિટન અને અમુક અંશે ઈઝરાયલનું બંધારણ અલિખિત છે

22. ભારતના મુળ બંધારણની ખાસીયતો જણાવો?

- ભારતનું મૂળ બંધારણ દુનિયામાં સૌથી લાંબુ અને સૌથી વધુ વિગતવાર છે. ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું બંધારણ છે.

23. સંસદીય સરકારમાં સાચી સત્તા કોની પાસે હોય છે ?

- સંસદીય સરકારમાં સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં સ્થાપિત થયેલી હોય છે.

24. ભારતના રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કયા આદેશ સ્વીકાયાં છે ?

- ભારતના રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાજવાદ અને ગાંધીવાદના આદર્શો વ્યક્ત થયેલા છે.

25.ભારતના લાંબા ઈતિહાસનો સૌથી મહત્વનો બોધપાઠ કયો છે?

- ભારતના લાંબા ઈતિહાસને સૌથી મોટો બોધપાઠ એ છે કે જયારે-જયારે ભારતનું કેન્દ્રીય શાસન નબળું પડે છે, ત્યારે પરદેશી શાસકોએ આક્રમણ કરીને સત્તા પર કબજો કર્યો છે.

26. ભારતીય બંધારણે ક્યા ગ્રહને ઓછી સત્તાઓ આપી છે?

- ભારતીય બંધારણે રાજ્યસત્તાને ઓછી સત્તાઓ આપી છે, અને તેમા પણ નાણાકીય બાબતોમાં સૌથી સૌથી સત્તાઓ આપી છે.

27. દુષ્પરિવર્તનશીલ બંધારણ કોને કહે છે?

- જયારે બંધારણમાં સુધારો કરવા માટે વિશિષ્ટ બહુમતીની જરૂર પડે તો તેને દુષ્પરિવર્તનશીલ બંધારણ કહે છે.

28. અદાલતી સમીક્ષા કોને કહેવાય છે?

- સંસદે પસાર કરેલા કાયદાઓ, રાજયોની ધારાસભાઓએ ઘડેલા કાયદા, કેન્દ્ર અને રાજયોની કારોબારી દ્વારા બહાર પડાયેલા આદેશો, સર્વોચ્ચ કે વડી અદલાત દ્વારા અપાયેલા ચુકાદા અને બંધારણમાં કરવામાં આવેલા સુધારાની સમીક્ષા કરવાની ન્યાયતંત્રની સત્તાને અદાલતી સમીક્ષા કહેવાય છે.

29. ભારતમાં સાર્વત્રિક પુષ્પવય મતાધિકાર બંધારણની કઈ કલમ હેઠળ અપાયેલ છે?

- બંધારણની કલમ-326 હેઠળ ભારતમાં સાર્વત્રિક પુખ્તવયના મતાધિકાર આપવામાં આવેલ છે.

30. કાયદાના ઘડતર માટે ખરડાનું કેટલીવાર વાંચન થવું જરૂરી છે ?

- કાયદાના ઘડતર માટે ખરડાનું ત્રણ વાર વાંચન થવું જરૂરી છે.

31. ખરડો કાયદો ક્યારે બને છે?

- ખરડાનું ત્રણ વખતનું વાંચન મંજૂર થાય અને આ ખરડો પર રાષ્ટ્રપતિ સહી કરે ત્યારે ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.

32. બંધારણ સુધારવાની રીત જણાવો.

- બંધારણ સુધારવાની ત્રણ રીતો છે. (1) સાદી બહુમતી દ્વારા (2) બે તૃતીયાંશ બહુમતી દ્વારા (3) વિશેષ બહુમતી તથા રાજયોની સંમતિ દ્વારા.

33. રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્યનો વહીવટ કોન સંભાળે છે?

- રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજયનો વહીવટ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજયપાલ કરે છે.

34. ક્યા દેશના બંધારણને ધ્યાનમાં રાખી ભારતે બંધારણમાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અપનાવ્યા છે?

- ભારતીય બંધારણમાં આઈલેન્ડના બંધારણને ધ્યાનમાં રાખીને રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પોતાના બંધારણમાં સામેલ કર્યા છે.